ગાંધીનગર સમાચાર

પાનખરમાં ઉડતી પરાગરજથી નગરજનો ખાંસીનો શિકાર

# ૩૧ માર્ગોને રિકાર્પેટીંગ કરવામાં આવશે : નીતિન પટેલ

## કુપોષણ મુક્તિ અભિયાનને ગાંધીનગરમાં સારી સફળતા મળી છે : વસુબેન ત્રિવેદી



વિધાનસભામાં ગાંધીનગર - પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ૩૧ માર્ગોને નોન પ્લાનમાંથી પ્લાનમાં રૂપાંતરિત કરી અને રિકાર્પેટ કરવામાં આવશે. કોંગીના ધારાસભ્યશ્રી અમીત ચૌધરીએ રાજ્યના માર્ગ-મકાન મંત્રીશ્રીને પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી નીતિન પટેલે જણાવ્યું છે કે છેલ્લા એક વર્ષમાં માણસાના ૧૯ રસ્તા, ગાંધીનગરના ૭ રસ્તા, દહેગામના ૪ રસ્તા તેમજ કલોલના ૧ રસ્તા નોન-પ્લાનમાંથી પ્લાનમાં રૂપાંતરિત કરી રિકાર્પેટ કરવામાં આવ્યા છે.

આ પાછળ રૂ. ૩૩૨૬ લાખનો ખર્ચ થયો છે. જેમાં માણસાના ૧૯ રસ્તા માટે રૂ. ૨૧૮૦ લાખ, ગાંધીનગરના ૭ રસ્તા માટે રૂ. ૬૨૧ લાખ, દહેગામના ૪ રસ્તા માટે રૂ. ૩૫૦ લાખ તથા કલોલના ૧ રસ્તા માટે રૂ. ૧૭૫ લાખ.

આ કામ હાલ પ્રગતિ હેઠળ અને ટેન્ડર પ્રક્રિયામાં હોવાનુ પણ જણાવતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. આ રસ્તા નોન-પ્લાન સદરે પણ ચાલુ રહેશે.

**● ઝુલાસણ-વડુ રોડનું કામ**

ગાંધીનગર (ઉ)ના ભાજપના ધારાસભ્યશ્રી અશોક પટેલે ૨૦૧૫-૧૬માં કલોલ તાલુકામાં પાનસર ઝુલાસણ વડુ રોડ બિસ્માર હોવાની વાતનો ઉલ્લેખ કરી માર્ગનું ડામર કરવા સરકાર કરવા માંગે છે કે કેમ ? તેવા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે હા આ માર્ગનું ડામર કામ કરવામાં આવશે અને તે માટે રૂ. ૨૬૦ લાખ મંજૂર પણ કરવામાં આવ્યા છે.

**● દવાનો જથ્થો પુરો પાડવા બાબત**

કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દવાનો જથ્થો પુરો પાડવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી નીતિન પટેલે જણાવ્યું છે કે કલોલ નગરપાલિકા સંચાલિત હોસ્પિટલ તા. ૩-૩-૨૦૧૫થી રાજ્ય સરકાર હસ્તક ૫૦ પથારીના સામુહિક આરોગ્ય કેન્દ્ર તરીકે કાર્યરત છે.

તા. ૩-૩-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધીમાં કલોલ સામુહિક આરોગ્ય કેન્દ્રને રૂ. ૩,૭૯,૯૫૩ની કિંમતની દવાઓનો જથ્થો પુરો પાડવામાં આવ્યો છે.

દવાઓના અભાવે દાખલ થતા દર્દીઓને દવા બજારમાંથી ખરીદવી પડે છે તે વાત સાચી નહિ હોવાનું પણ મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે સંસ્થાની દવાની માંગણી અન્વયે જરૂરી જથ્થો દવાઓનો સમયસર પૂરો પાડવામાં આવ્યો જ છે.

**● કુપોષણથી પિડાતા બાળકો**

ગાંધીનગર જિલ્લામાં કુપોષણથી મુક્તિ આપવામાં તંત્રના પ્રયાસો સફળ રહ્યાનો દાવો રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતિ વસુબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું છે કે બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે તંત્રએ લીધેલા પગલાંનો સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે કુપોષણથી પિડાતા બાળકો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા બાળ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ઓછા વજન ધરાવતા બાળકોની સંખ્યા ૯૫૫૨ હતી જ્યારે અતિ ઓછા વજન ધરાવતા બાળકોની સંખ્યા ૧૦૭૯ હતી.

જેમાં ઓછુ વજન ધરાવતા બાળકો ગાંધીનગરમાં ૩૪૨૫, દહેગામમાં ૨૦૧૯, કલોલમાં ૩૦૦૮ અને માણસામાં ૧૦૧૦ બાળકો મળી આવ્યા હતા.

જ્યારે અતિ ઓછુ વજન ધરાવતા બાળકો ગાંધીનગરમાંથી ૩૭૬, દહેગામમાંથી ૨૨૭, કલોલમાંથી ૩૮૮ અને માણસામાં ૮૮ મળી આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



સાંસ્કૃતિક માહોલ - શહેરના પાદરમાં છેલ્લા ચાર દિવસથી સાંસ્કૃતિક પ્રવૃત્તિના રસિકોની ભીડ જામે છે... દરરોજ એક-એક થી શ્રેષ્ઠ નૃત્યોની પ્રસ્તુતિ નિહાળવા શહેરના અને આસપાસના કલારસિક નાગરિકો મોટી સંખ્યામાં ઉમટે છે... દેશના વિવિધ ભાગોમાં શ્રેષ્ઠત્તમ નૃત્યોની ટુકડીઓ સંસ્કૃતિકુંજના વસંતોત્સવમાં પોતાની કૃતિઓ પ્રસ્તુત કરી રહી છે... હવે સંસ્કૃતિકુંજનો વસંતોત્સવ પણ શહેરની ઓળખ બની ગયો છે... (તસવીર : દિપક જાની)

# વાવોલ નજીક યુવાનની ક્રુરતાપૂર્વક હત્યા

## હત્યારાઓ બેરહેમીથી યુવાનનું માથુ અને હાથ કાપીને લઈ ગયા ગુપ્તાંગ પણ કાંપી નાંખ્યું હોવાથી પ્રેમ પ્રકરણ હોવાની આશંકા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ઉવારસદ રોડ પર યુવાનની કરપીણ હત્યા કરી હત્યારાઓ તેનું માથુ લઈને જતા રહ્યા છે. વહેલી સવારે પોલીસને ક્રુર હત્યા અંગે જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને એફએસએલ અને ડોગ સ્કવોડ બોલાવી હત્યારા સુધી પહોંચવા તથા મૃતક યુવાનની ઓળખ કરવા તજવીજ શરુ કરી છે હત્યારાઓએ યુવાનની એટલી ક્રુરતાથી હત્યા કરી છે કે યુવાનનું ગુપ્તાંગ પણ કાપી નાખ્યું છે અને ગળાના ભાગે થી માંથુ વાઢી લઈ ગયા છે. સેકટર - ૭ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે. નોંધનીય બાબત છે કે મૃતકના પેન્ટના ખીસ્સામાંથી એક યુવતિનો ફોટો પણ મળ્યો હોવાથી પ્રેમ પ્રકરણ હોવાની આશંકાને પગલે તે દિશામાં પણ પોલીસ તપાસ ચલાવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

### મૃતક પાસેથી એક યુવતિનો ફોટો મળ્યો

વાવોલ નજીકથી હત્યા કરેલી હાલતમાં મળી આવેલા મૃતદેહ પાસેથી એક યુવતિનો ફોટો મળી આવ્યો છે આ ફોટો પોલીસને હત્યારા સુધી પહોંચવા અને મૃતકની ઓળખ માટે કડીરુપ સાબિત થાય તેવી શકયતા છે. હત્યા પાછળ પ્રેમ પ્રકરણ કે આડા સબંધો હોવાની શક્યતા પ્રબળ બનવા પામી છે. ફોટો કબ્જે લઈ પોલીસે તે દિશામાં તપાસ આરંભી છે.



# બોર્ડના પરીક્ષાર્થીઓને આજે હોલ ટીકીટનુ વિતરણ કરાશે

ગાંધીનગર તા ૨૪

આગામી માર્ચ મહીનામાં શરૂ થનારી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષાને અનુલક્ષી આજે વિદ્યાર્થીઓને હોલ ટીકીટનુ વિતરણ કરવામાં આવશે. જિલ્લામાંથી અંદાજિત ૫૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની કસોટીમાં હાજરી આપશે ત્યારે પરિક્ષાને ધ્યાને લઈ જરૂરી તમામ તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે.

**જિલ્લામાંથી અંદાજિત ૫૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે**

આગામી તા ૮ માર્ચ મહીનાથી શરૂ થનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષાને અનુલક્ષી શિક્ષણ બોર્ડ તેમજ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પુર્વતૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અગાઉ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પરિક્ષાને અનુલક્ષી સ્થળ સંચાલકોની બેઠક યોજવામાં આવી હતી. જયારે ટુંકમાં પરિક્ષા સમિતિની બેઠક પણ યોજવામાં આવશે. જેમાં જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પરિક્ષાને અનુલક્ષી જરૂરી સુચનાઓ આપવામાં આવશે.

આગામી બોર્ડ પરિક્ષામાં જિલ્લામાંથી અંદાજિત ૫૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષામાં હાજરી આપશે. પરિક્ષા કેન્દ્રો પર શાંતિપુર્ણ

● અનુસંધાન પાન-૭ પર



બદલાતું વાતાવરણ - છેલ્લા એક સપ્તાહથી રોજેરોજ વાતાવરણમાં પરિવર્તન આવે છે... જાણે શિયાળામાંથી ઉનાળો પલટાતો હોય એનું જીવંત પ્રસારણ આકાશમાં દશ્યમાન થાય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# પાનખરમાં ઉડતી પરાગરજથી નગરજનો ખાંસીનો શિકાર

## દમના દર્દીઓ પણ પરેશાન : યુરોપની જેમ નગરમાં ફેબ્રુઆરી અને માર્ચ મહીનામાં નગરજનો ડસ્ટ એલર્જીથી પરેશાન

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં બેવડી ઋતુના વિચિત્ર અહેસાસ વચ્ચે નગરજનો સુસ્તીનો શિકાર બન્યા છે. ત્યારે વસંતઋતુમાં હરિયાળા વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા નગરમાં પાનખરનો મિજાજ નિખર્યો છે ઋતુચક્રના બદલાવની સાથે જનઆરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. કાન નાક ગળાના રોગોના નિષ્ણાંત ડો જિજ્ઞેશ રાજવીરે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે પાનખરમાં ઉડતી પરાગરજના લીધે નગરમાં એલર્જીના દર્દીઓ ઉધરસ શ્વાસોશ્વાસની તકલીફનો ભોગ બની રહયા છે. યુરોપની જેમ ગાંધીનગરના રહીશોમાં પણ ફેબ્રુઆરી માર્ચમાં પરાગરજની એલર્જીથી વિશેષરૂપે પ્રભાવિત થતા હોવાનુ સ્પષ્ટ થયુ છે.

શિયાળાની વિદાય વેળાએ નગરમાં એકબાજુ બેવડીઋતુના લીધે ઠંડી ગરમીનો અહેસાસ કરતા શહેરીજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. ત્યારે વસંતના આગમને નગરના વૃક્ષો પર હરિયાળી પત્તી વચ્ચે સુકાયેલા પાંદડાઓ પણ સતત ખરતા રહેતા હોવાથી પાનખરની આ મૌસમમાં વાતાવરણમાં પરાગરજ પણ ઉડતી રહે છે. જેના પરિણામે નગરજનો એલર્જીનો ભોગ બનતા ખાંસી ઉધરસનો શિકાર બની રહયા છે. રાજયના અન્ય શહેરોની સાપેક્ષમાં ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાથી આ તકલીફ વિશેષ પ્રમાણમાં જોવા મળી રહી છે. ડો રાજવીરે જણાંવ્યુ હતુ કે યુરોપમાં પણ આ જ પેટર્નના લીધે નાગરિકો પરાગરજની એલર્જીનો ભોગ બનતા હોય છે. આવા સંજોગોમાં દમના દર્દીઓ તેમજ ફેફસાની બિમારી ધરાવતા દર્દીઓને પણ પરેશાની ભોગવવી પડે છે. દર પાંચ વ્યક્તિ પૈકી એક પરાગરજની અસરથી પ્રભાવિત થતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ડસ્ટી એલર્જીથી બચવા માટે નાશ લેવા ઉપરાંત એન્ટી એલર્જી દવા પણ લઈ શકાય છે. નગરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ હોવાથી પાનખરમાં કાંઈક અલગ જ નઝારો જોવા મળે છે. પરંતુ વૃક્ષોના સુકાયેલા પાંદડાઓમાંથી ઉડતી ધુળની રજકણોથી એલર્જીનો ભોગ બનતા નાગરિકોની સંખ્યા પણ નોંધપાત્ર છે.

# આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક બોલાવવામાં આવી છે.

બપોરે ચેરમેન શ્રી રાકેશ પટેલની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં ફરતા પુસ્તકાલયો અંગેના નિયમોને આખરી કરી બહાલી આપવામાં આવશે. ગઈ સામાન્ય સભામાં લાયબ્રેરી માટેના પુસ્તકોની ખરીદીના અપાયેલા ઓર્ડર પછી હવે આ પુસ્તકાલય અંગેના નિયમોને આખરી રૂપ આપી દેવામાં આવશે. માર્ચના પ્રથમ સપ્તાહમાં આ ફરતુ પુસ્તકાલય કાર્યરત કરવા માટેની તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

# દહેગામના ઝિંડવાની મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો !

## જિલ્લામાં અત્યાર સુધીમાં નોંધાયેલા દર્દી ૧૧ થયા : ગત વર્ષની તુલનામાં આ વર્ષે આ સમયગાળામાં કેસ ઓછા થયા છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ઝિંડવા ગામની મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેણીનીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આ દર્દી સાથે સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૧૧ પર પહોંચી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં નોંધાયેલા ૧૧ દર્દીઓ પૈકી પાંચ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે જ્યારે પાંચ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે. ૧ દર્દીનું મોત થયું છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે મળેલ દર્દીના રહેઠાણની

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું/સુવાળા



અમારા પૂજ્ય પિતાશ્રી **શિવરામભાઈ ત્રિકમલાલ શ્રીમાળી** (ધોળકા) તા. ૨૧/૨/૨૦૧૬ને રવિવારના રોજ અવસાન પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે, **સદ્ગતના તા. ૨૫/૨/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે સુવાળા તથા બેસણું સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :- પ્લોટ નં. ૫૯/૨, સેક્ટર-૩ ન્યુ, ગાંધીનગર. મો. ૯૪૨૯૬ ૧૯૬૩૪**

**લી.**

**જસવંતલાલ શિવરામભાઈ શ્રીમાળી (પુત્ર)**

**નિર્મળાબેન ભરતકુમાર શ્રીગોડ (પુત્રી)**

**અરૂણાબેન ઈન્દ્રવદન ગાંધી (પુત્રી)**



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૯૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com